તાત્કાલિક/સમય મર્યાદા/By E-mail

ક્રમાંક :– ઉમબ/ઉમા.૧/પ્રવાસી શિક્ષક/૨૦૧૬/4324-57
નિયામકશ્રી, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧ , ડો.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૩૧–૫–૨૦૧૬

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય :– સરકારી અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તાસદીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોની સેવા લેવા બાબત

સંદર્ભ :– ૧. શિ.વિ.નો ઠરાવ ક્રમાંક બમશ/૧૦૧૪/૧૪૦/ગ તા. ૨૧–૧૨–૨૦૧૫
૨. આ કચેરીના તા. ૨૬–૨ –૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક ઉમબ/ઉમા.૧/પ્રવાસી શિક્ષક/૨૦૧૬/૧૯૨૫–૯૬
૩. શિ.વિ.ના ક્રમાંક સમશ/૧૦૧૬/૫૨/ગ.૧ તા. ૫–૫–૨૦૧૬ થી મળેલ વહીવટી મંજુરી

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભિત પત્રો અન્વયે જણાવવાનુ કે, સરકારી અને બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જયાં સુધી ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાંસુધી શાળાના વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્યથી વંચિત ન રહે તે હેતુથી તાસદીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોની સેવા લેવા અંગેના શિ.વિ.ના તા.૨૧–૧૨–૨૦૧૫ થી ઠરાવ કરવામાં આવેલ છે. સદર ઠરાવની જોગવાઈ પ્રમાણેતાસદીઠ માનદ વેતનથી પ્રવાસી શિક્ષકોની સેવા લેવા અંગે આ કચેરીના સંદર્ભિત પત્ર તા.૨૬–૨–૨૦૧૬ થી સુચનાઓ આપવામાં આવેલ છે. ચાલુ વર્ષે પણ જયાં સુધી ભરતી બોર્ડ દ્વારા શિક્ષકોની ભરતી ન થાય અને આગામી જુન–૨૦૧૬ ના નવા સત્રથી વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્યથી વંચિત ન રહે તે હેતુથી શિક્ષણ વિભાગના સંદર્ભિત તા. ૫–૫–૨૦૧૬ ના ઠરાવથી મળેલ વહીવટી મંજુરીના અનુસંધાને આપના જીલ્લામાં નીચે જણાવેલ સુચનાઓ ધ્યાને લઈ તાત્કાલિક અસરથી પ્રવાસી શિક્ષકોની સેવા લેવા આથી સુચના આપવામાં આવે છે.

૧. આ કચેરીના તા. ૨૬–૨–૨૦૧૬ ના પરિપત્રથી આપેલ સુચનાઓનુ ચુસ્ત પણે પાલન કરવાનુ રહેશે.
૨. આપના જીલ્લાની સરકારી અને બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્કલોડ ધ્યાને લઈ પ્રવાસી શિક્ષકોની સેવા લેવા અંગેની કાર્યવાહી તા. ૨૦–૬–૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
૩. કોઈપણ શાળાને પ્રવાસી શિક્ષકની સેવા લેવાનુ બાકી ન રહે તે માટે આગોતર આયોજન કરી કેમ્પ દ્વારા નિયત સમય મર્યાદામાં કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે
૪. આ સાથે વર્ષ ૨૦૧૬–૧૭ની વહીવટી મંજુરીની નકલ પણ મોકલી આપવામાં આવેલ છે જેથી ચાલુ વર્ષનો પ્રવાસી શિક્ષકનો ખર્ચ સંબંધિત બજેટ હેડ ખાતે ઉધારવાનો રહેશે.
૫. પ્રવાસી શિક્ષકોને ચુકવવાના માનદ વેતનની ગ્રાન્ટ હવે પછી તબક્કાવાર આપના હવાલે ફાળવવામાં આવશે.

( માનનીય નિયામકશ્રીના શાખાનોંધ પરના આદેશ અનુસાર )

સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨, ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના :–
૧. સંયુકત સચિવશ્રી– માધ્યમિક,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. સંયુકત શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિક શાખા, સદર કચેરી તરફ જાણ સારુ.
૩. સંયુકત નિયામકશ્રી (હિ) , આ કચેરીની હિસાબી શાખા

પરિપત્રિત કરીએ
31.5.16

જા.નં. મા.શા./[illegible]
જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી
નવસારી જિલ્લો નવસારી.
તા. 31/5/2016

સરકારશ્રીના વખતો વખતના ઠરાવોની જોગવાઈ મુજબ તેમજ ઉપરોક્ત પરીપત્રમાં આપેલ સુચનાઓ ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

પ્રતિ,
આચાર્યશ્રી,
જીલ્લાની તમામ સરકારી/બિનસરકારી માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ

જિલ્લા શિક્ષણાધિકારી
નવસારી.